# ભિલોડા કોટેજ હોસ્પિટલમાં કોલ્ડ સ્ટોરેજ 'ડેડ' હાલતમાં

ભિલોડા, તા. ૨૫
સાબરકાંઠા-અરવલ્લી એક માત્ર કોલ્ડ સ્ટોરેજ ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં આવેલ છે પરંતુ કોટેઝ હોસ્પિટલમાં ડેડ બોડીનું કોલ્ડ સ્ટોરેજ શોભાના ગાંઠીયા





જીલ્લામાં એક માત્ર ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં ડેડ બોડી મુંકવાનું કોલ્ડ સ્ટોરેજ શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યું છે. છેલ્લા છ મહિનાથી બંધ હાલતમાં હોવાના કારણે મૃતદેહો બરફની પાટો વચ્ચે રાખવા તંત્ર મજબુર છે. કોઈ પણ વ્યક્તિનું મૃત્યું થાય ત્યારે મૃતદેહ જો બિનવારસી હોય તો મૃતદેહ કોલ્ડ સ્ટોરેજમાં મુંકવામાં આવતો હોય છે.કોઈ વ્યક્તિનું કોઈ પણ કારણોસર આકસ્મીક અવસાન થાય ત્યારે સગાં-સબંધીઓ દુર વસવાટ કરતા હોય ત્યારે સ્વજનોની અંતિમ દર્શન માટે રાહ જોવાની હોય તેવા કિસ્સાઓમાં ડેડ બોડીના કોલ્ડ સ્ટોરેજની જરૂરીયાત ઉભી થતી હોય છે ત્યારે બંન્ને જીલ્લાનું ડેડ બોડીનું કોલ્ડ સ્ટોરેજ શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યું છે.

ભિલોડા કોટેઝ હોસ્પિટલ ઈન.અધિક્ષક ર્ડા.ડી.ડી.ડામોરના જણાવ્યા મુજબ ડેડ બોડી કોલ્ડ સ્ટોરેજમાં ટેકનીકલ ખામીના કારણે હાલના તબક્કે બંધ છે ત્યારે જે તે કંપનીના માણસો જાણ કરેલ છે.બીજી તરફ નવિન કોલ્ડ સ્ટોરેજ પણ હાજર સ્ટોકમાં છે પરંતુ કોલ્ડ સ્ટોરેજ ચાલું કરવા મીકેનીકો આવતા નથી.જેના કારણે ચાલું કરી શકાયું નથી.બે જીલ્લાનું એક માત્ર ડેડ બોડી મુંકવાનું કોલ્ડ સ્ટોરેજ બંધ હાલતમાં છે.કોઈ પણ મૃતદેહ આવી જાય તો બરફ મંગાવી મૃતદેહ મુંકવાની વ્યવસ્થા કરવામાં આવે છે. સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં એક માત્ર ભિલોડા સમાન છેલ્લા છ મહિનાથી પુરવાર થઈ રહ્યું છે.ડેડ બોડી મુંકવાનું કોલ્ડ સ્ટોરેજ સત્વરે ચાલું કરાય તેમ પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

રાજય સરકાર ધ્વારા આરોગ્ય ક્ષેત્રે કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે.ગુલબાંગો મોટી-મોટી ફુકવામાં આવે છે.કરોડો રૂપિયાની ગ્રાન્ટો ફળવાય છે ત્યારે કોઈ પણ વ્યક્તિનું મૃત્યું થાય ત્યારે મૃતદેહને સુરક્ષીત શીતળ રાખવા માટે યોગ્ય સ્થાન મળતું નથી.વહીવટી તંત્રની માનવતા મરી પરવરી હોય તેમ લોકમુખે ચર્ચાય છે.બંન્ને જીલ્લા વચ્ચેનું એક માત્ર ભિલોડા કોટેઝ હોસ્પિટલનું ડેડ બોડી મુંકવાનું કોલ્ડ સ્ટોરેજ સત્વરે શરૂ કરાય તેવી પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

# ભિલોડાના નારસોલી ગામે એકલિંગજી મહાદેવના મંદિરનો પુનરોધ્ધાર કરાશે



ભિલોડા, તા. ૨૫
અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારસોલી ગામમાં એકલિંગજી દાદા,કાત્યાયની માતાજી,હનુમાનજી મહાવીરના વર્ષો જુના મંદિરના પુનઃનિર્માણનો શિલાન્યાસ ધાર્મિક કાર્યક્રમ તા.૩/૫/૨૦૧૭ ને બુધવારના રોજ સવારે ૯:૦૦ વાગ્યે શોભાયાત્રા યોજાશે.એકલિંગજી ભગવાનમાં આસ્થા ધરાવતા સમસ્ત મેવાડા બ્રાહ્મણોનો વિશાળ સમુદાય,શ્રધ્ધાળુ ભાવિક ભક્તો,ગ્રામજનોના ઘોડાપુર શોભાયાત્રામાં ઉમટી પડશે ૧૦:૩૦ વાગ્યે એકલિંગજી દાદા,કાત્યાયની માતાજી,હનુમાનજી મહાવીરના વર્ષો જુના મંદિરના પુનઃનિર્માણનો શિલાન્યાસ થશે બપોરે ૧૨:૩૦ વાગ્યે મહાપ્રસાદ મેળવી ભાવિક ભક્તો ધન્યતા અનુભવશે કાર્યક્રમનું સમાપન થશે તેમ સમસ્ત મેવાડા બ્રાહ્મણોએ જણાવ્યું હતું.નારસોલી ગામમાં એકલિંગજી દાદા,કાત્યાયની માતાજી, હનુમાનજી મહાવીર મંદીરના પુનઃનિર્માણ માટે સમસ્ત મેવાડા બ્રાહ્મણો,ગ્રામજનો તાડામાર તૈયારીઓ કરી રહ્યા છે.સમસ્ત મેવાડા બ્રાહ્મણોનું આગામી આયોજન ગૌ-શાળા,પાઠશાળા બનાવવાના ભગીરથ કાર્યોના આયોજનો હાથ ધરાયા છે.

# સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી નિઃશુલ્ક માર્ગદર્શન સેમિનાર યોજાયો




ભિલોડા રાજ સીટી પ્લાઝામાં સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી માર્ગદર્શન સંદર્ભે નિઃશુલ્ક સેમિનાર યોજાયો હતો.જોહાર એકેડેમીનો શુભારંભ કરાયો હતો.આ પ્રસંગે ભિલોડા આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ નિવૃત આચાર્ય ર્ડા.બી.કે.ડામોર,ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ વનરાજભાઈ પારઘી,સીનીયર સીટીઝન મહામંત્રી પી.જે.અસારી,દેના બેંક નિવૃત મેનેજર બાબુભાઈ ખરાડી,આદિવાસી એકતા મંચ પ્રમુખ ર્ડા.રાજનભાઈ ભગોરા,ર્ડા.એલ.જી.કટારા,મહિલા યુવા સરપંચ રસિકાબેન ખરાડી,વિનેશભાઈ નિનામા,જીતુભાઈ બરંડા,કિરીટભાઈ ખરાડી,હરીશભાઈ ભગોરા,સુભાષભાઈ તબીયાડ,સુભાષભાઈ કટારે સહિત સામાજીક કાર્યકરો,આગેવાનો,નવયુવાનો ઉપસ્થિત રહ્યા હતા.સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી માર્ગદર્શન વિદ્યાર્થીઓને નિઃશુલ્ક આપવામાં આવતાં આનંદની લાગણી પ્રસરી હતી.૧૦૦ ટકા હાજરી આપનાર વિદ્યાર્થીઓને વિના મુલ્યે સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી મટીરીયલ્સ આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# અમીરગઢના મદદનીશ તાલુકા વિકાસ અધિકારીને મારી નાખવાની ધમકી

પાલનપુર, તા. ૨૫

અમીરગઢ તાલુકા પંચાયત માં મદદનીશ ટીડીઓ તરીકે ફરજ બજાવતા અધિકારી ને ગામ ના બે ઈસમો એ સરકારી કામ માં ડખલ કરી જાન થી મારી નાખવાનો ગુનો મંગળવારે પોલીસે નોંધી તપાસ હાથ ધરી છે.

અમીરગઢ તાલુકા પંચાયત માં મદદનીશ તાલુકા વિકાસ અધિકારી અને નાયબ ચિટનીસ તરીકે ફરજ બજાવતા રફીક મહમદ બિસ્મિલ્લા ખાન મલેક એ અમીગઢ નિવાસી કૈલાસ ભાઈ રેવાજી પંચાલ,નાનજી ભાઈ પચાણ ભાઈ પટેલ સામે ગુ નો નોંધાવતા જણાવ્યું હતું કે, બન્ને ઈસમો ગત ૨૮ માર્ચ ના રોજ અમારી ઓફિસ માં આવી સરકારી કામ માં ડખલ કરી ગાળો બોલી ઓફિસ ને સરકારી કર્મચારીઓ સાથે સળગાવી જાન થી મારી નાખવા ની ધમકી આપી હોવા તા પોલીસે બન્ને ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે



**ડીસામાં શ્રી સાંઈ મહાસમાધી શતાબ્દી કથા ઉત્સવનો પ્રારંભ**

શ્રી સાઈ મહાસમાધિના ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં ડીસા સાંઈબાબા મંદિર ખાતે શ્રી સાંઈ મહાસમાધિ શતાબ્દી કથા ઉત્સાહનો પ્રારંભ થયો છે. તા. ૨૪ એપ્રિલે શહેરમાં સાંઈ પાલકીનો કાર્યક્રમ યોજાયો હતો. આજરોજ કળશ યાત્રા સવારે ૭-૩૦ કલાકે યોજાશે. સાંઈ શતાબ્દી કથા તા.૨૫ થી ૨૭ એપ્રિલ દરમ્યાન યોજાશે. જેનું દિશા ટીવી ચેનલ પર લાઈવ પ્રસારણ નિહાળી શકાશે. ગોસાઈ મનુષ્ય મિત્રજી મહારાજના શ્રીમુખે કથાની સરવાણી વહેશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન નિષ્કામ કર્મ ચેરીટેબલ દ્વારા અને શ્રી સાંઈ મંદિર ડીસા દ્વારા કરાયું છે.

# સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સ્કાઉટ ગાઈડ સંઘની સંયુક્ત કારોબારીની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫
સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સ્કાઉટ ગાઈડ સંઘની સંયુક્ત કારોબારીની બેઠક યોજાઈ હતી.સ્કાઉટ ગાઈડ ચીફ કમીશનર અતુલભાઈ દિક્ષીત,હોદેદારોની ઉપસ્થિતીમાં ગત વર્ષના હિસાબો સર્વાનુમતે મંજુર કર્યા હતા.નવિન હોદેદારોની વરણી સંદર્ભે ચુંટણી પ્રક્રિયા હાથ ધરવા માટે ચુંટણી અધિકારી તરીકે સાબરકાંઠા જીલ્લામાં મનિષભાઈ પટેલ,અરવલ્લી જીલ્લામાં પ્રતાપસિંહ રાઠોડની વરણી કરાઈ હતી.મે મહિનાના અંત સુધીમાં જીલ્લા કાર્યાલયમાં ચુંટણી સંદર્ભે જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવશે તેમ જણાવાયું હતું.



**ડીસા રાજપુર રોડ પર સ્ટ્રીટ લાઈટોનું કામકાજ શરૂ**

ડીસા- રાજપુર તરફ જતા માર્ગમાં લાઈટોના અભાવે રોડ પર અંધારપટ છવાતો હતો જેના કારણે રાહદારીઓને રાત્રે નિકળવુ મુશ્કેલ બનતું હતું. ત્યારે આ રોડ પર સ્ટ્રીટ લાઈટો નાખવા માટે લોકો વર્ષોથી માંગણી કરતાં હતા ત્યારે નગરપાલિકાએ આ બાબતની નોંધ લઈ સ્ટ્રીટ લાઈટો નાંખવાની કામગીરી શરૂ કરી છે. જેના કારણે લોકોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે. જોકે આ વિસ્તારમાં આડેધડ ફેંકાતા કચરાથી ગંદકીનું સામ્રાજ્ય છવાયેલું હોવાથી આ ગંદકીને સત્વરે દુર કરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.

# વાંકાનેર ગામમાં મંદીરનો પાંચમો પાટોત્સવ યોજાયો



ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં (દેવદર)માં બિરાજમાન શ્રી વહાણવટી માતાજી,શ્રી જય અંબે માતાજી અને શ્રી મહાકાલી માતાજીના મંદીરનો પાંચમો પાટોત્સવ ભક્તિભાવ પુર્વક દબદબાભેર યોજાયો હતો.વાંકાનેર ગામમાં શ્રી વહાણવટી માતાજી,શ્રી જય અંબે માતાજી અને શ્રી મહાકાલી માતાજીના મંદીરનો પાટોત્સવ પ્રસંગે ભાવિક ભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટ્યા હતા.ભાવિકભક્તોએ મહાપ્રસાદીનો મોટી સંખ્યામાં લાભ લીધો હતો.સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાયો હતો.શ્રી વહાણવટી માતાજી,શ્રી જગદંબા માં અને શ્રી મહાકાલી માતાજી મંદીર જીર્ણોદ્ધાર સમિતી વાંકાનેર,રાજુભાઈ વિઠ્ઠલભાઈ વાઘેલા,ગંગારામભાઈ વાઘેલા,ચંદુલાલ ઉપાધ્યાય(ગોરમહારાજ),શૈલેષભાઈ વાઘેલા,અશોકભાઈ વાઘેલા,ગીરીશભાઈ કોટવાળ,રમેશભાઈ વાઘેલા,વિનોદભાઈ વાઘેલા તેમજ સમસ્ત વાઘેલા પરીવાર સહિત સેવાભાવી કાર્યકરોએ પાટોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ખેડબ્રહ્મા શહેરમાં ભરઉનાળે ઠંડા પાણીની પરબ બંધ હાલતમાં




ખેડબ્રહ્મા શહેરના હાર્દ સમા વિસ્તાર એવા માણેકચોકમાં આવેલ પરબ અધિકારીઓની લાલીયાવાડીથી ભર ઉનાળે બંધ હાલતમાં જોવા મળી રહી છે. વર્ષ ૨૦૧૦ના સમાંતરે શંકરલાલ રેવાલાલ ઉપાધ્યાય પરિવાર દ્વારા આ પરબ બનાવી નગરપાલિકાને સુપ્રત કરવામાં આવી હતી. જેની અંદર સ્ટોરેજ માટે ઠંડા પાણી માટે કુલર અને પાણીનો સ્ટોરેજ પાણીની ટાંકી બનાવવામાં આવી હતી. પણ નગરપાલિકાના કર્મચારીઓની બેદરકારીના કારણે આ પરબ ભર ઉનાળે બંધ હાલતમાં જોવા મળી રહી છે. આસપાસમાં લારીવાળાઓએ અડીંગો જમાવ્યો છે. તેમજ તેના બાજુમાં બનાવેલ શુલભ શૌચાલય મોટા ભાગે બંધ હાલતમાં જોવા મળે છે. બહારથી આવતા ખરીદી માટે મહિલાઓને શૌચ માટે ખુલ્લી જગ્યા અથવા જાહેરમાં બહાર જવું પડે છે. આ માટે પાલીકા દ્વારા સત્વરે પગલા લેવામાં આવે. તેવુ તાલુકા તેમજ શહેરની પ્રજા ઈચ્છી રહી છે.

# છાપીમાં આંગડિયા પેઢીમાં લૂંટની કોશિશ ફાયરિંગ કરી ત્રણ ઈસમો ફરાર






પાલનપુર, તા. ૨૫
વડગામ તાલુકા ના વેપારી મથક છાપી ખાતે ની આંગડિયા પેઢી પર ફાયરિંગ ના બનાવ ને પગલે પોલીસ દોડતી થઈ ગઈ હતી.

છાપીમા આવેલી જયંતી સોમલાલની આંગડિયા પેઢીમા લૂંટ ના ઈરાદે આવેલા ત્રણ બાઈક સવારોએ ફાયરિંગ કરતા લોકો ભયમા મુકાઈ ગયા હતા લૂંટના ઈરાદે ધોળા દહાડે આવેલા આ ત્રણ ઈસમોએ સરાજાહેર ફાયરિંગ કરતા ભયનું વાતાવરણ ફેલાયું હતું ફાયરિંગના બનાવને પગલે જિલ્લા પોલીસવડા સહિત એલસીબીની ટિમો ઘટના સ્થળે દોડી ગઈ હતી અને સમગ્ર મામલાની ગંભીરતાને લઈ લૂંટારાઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા

# પ્રાંતિજ પોલીસે એમએલએ ગુજરાત પાટિયું મારેલ ગાડીમાંથી બે પેટી વિદેશી દારૂ પકડયો

## બે પેટી ઇગ્લીશ દારૂ, પાંચ મોબાઈલ, પાંચ હજાર રોકડ રકમ, આઈટેન કાર સહિત બેની અટકાયત કરી







પ્રાંતિજ, તા. ૨૫
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ અનવરપુરા પાસે રાત્રીનાં સમયે પોલીસ પેટ્રોલિંગ વખતે હિંમતનગર તરફથી આવતી કાર એમએલએ ગુજરાતનુ પાટિયું મારેલ કારને પોલીસે રોકતા પુછતાછ કરતાં કારમાં તપાસ કરતા વગર પાસ પરમીટનો બે પેટી ઈગ્લીશ દારૂ મળી આવ્યો હતો પોલીસે બે ની અટકાયત કરી કારની જપ્તી લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના અનવરપુરા પાસે રોડ ઉપર રાત્રીનાં ૧.૩૫ કલાકે પોલીસ દ્વારા પેટ્રોલિંગ દરમ્યાન હિંમતનગર તરફથી આવતી સફેદ આઈટેન કાર નંબર- જીજે૦૧. આરએન. ૦૧૦૪ કારમાં આગળની સાઈડે કારની ડેસ્ક ઉપર એમએલએ ગુજરાત લખેલ પાટિયું મુકેલ હતું જયારે પ્રાંતિજ પોલીસે તો પણ પોતાની ફરજ સમજી નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવતા કારમાં તપાસ કરતા વગર પાસ કે પરમીટનો બે પેટી વિદેશી કંપનીનો દારૂ મળી આવતાં પોલીસે કારમાં સવાર મેહુલકુમાર વેલજીભાઈ ચૌધરી તથા નિલેષ દિનેશભાઈ પટેલ બન્ને રહે. નરોડા- અમદાવાદ જયારે પ્રાંતિજ પોલીસે તેમની પાસેથી ૨૪ નંગ બોટલ એટલે કે બે પેટી ઈગ્લીશ દારૂ જેની કિંમત- ૧૪,૪૦૦ તથા મોબાઈલ નંગ- ૫ જેની કિંમત-૪૬૦૦૦ તથા ૫૦૦૦ રોકડા મળી ગાડીની કિંમત- ૫ લાખ મળી કુલ ૫,૬૫,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આગળ ની તપાસ હાથ ધરી છે.

# રીંટોડા પ્રાથમીક શાળામાં ધો. ૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



ભિલોડા તાલુકાના રીંટોડા ગામની રીંટોડા પ્રાથમીક શાળામાં ધોરણ.૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ અને તિથી ભોજનનો કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે દશરથભાઈ વી.નિનામા સરકારી મોડેલ સ્કુલ,મેઘરજ સહિત અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.રીંટોડા પ્રાથમીક શાળામાં તિથી ભોજનના દાતા મહેન્દ્રભાઈ પંચાલ હતા.રીંટોડા પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.રીંટોડા પ્રાથમીક શાળા આચાર્ય,સ્ટાફ પરીવાર, અગ્રણી ગ્રામજનો, એસ.એમ.સી. સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.